## આંક ૧ નીચે હુકમ

ફરીયાદીના વિ. વકીલશ્રીને સાંભળ્યા. ફરીયાદની હકીકત વંચાણે લીધી. ફરીયાદીએ આ કામના આરોપીઓ વિરુધ્ધ ઇ. પી. કોડની કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબની ફરીયાદ તા. ૦૭.૦૧.૨૦૧૯ના રોજ દાખલ કરતા આમોના પુરોગામી વિ. ન્યાયાધીશ શ્રી દ્વારા ફરીયાદ ઇન્કવાયરી રજીસ્ટરે નોંધી, સી આર પી સી કલમ ૨૦૨ અન્વયે પોલીસ ઇન્કવાયરીમાં રાખવામાં આવેલ.

ફરીયાદની ટુંકમાં હકીકત તથા દલીલ ધ્યાને લેતાં, આરોપી નં ૧ સસરા, નં ૨ સાસુ છે ફરીયાદીના લગ્ન જીવનથી દીકરો મિહિર તથા દીકરી રૂહીનો જન્મ થયેલ છે. તેણીના પતિ સચિવાલયમાં નોકરી કરતા હતા. આરોપી નં ૧ અને ૨ના મિલ્કતના ઝગડા ચાલતા હતા. તેથી તેણીના પતિ હરેશભાઈએ ગળે ફાંસો ખાઇ લીધેલ. એ વખતે તેણી પ્રેગ્નેન્ટ હતી. ત્રીજુ બાળક હતુ તેથી પિયર ગયેલી. ત્યારે તેણીના સસરા ખાતુ ખોલાવવા સાથે લઇ ગયેલા. તેઓનું જોઇન્ટમાં ખાતું ખોલાવેલું. તે ખાતામાં તા. ૦૭.૦૧.૨૦૧૭ના રોજ રૂ. ૪ લાખ જમા થયેલા છે. ૭૪,૬૦૦/– તા. ૦૯.૧૦.૨૦૧૭ના રોજ જમા થયેલા છે. તેણીને તેમાંથી કાંઇ પ્રાપ્ત થયેલ નથી. આરોપી નં ૧નાએ ટુકડે ટુકડે વીડ્રો કરી લીધેલ છે. વારસ તરીકે તેણીના સંતાનોનું નામ નહી પરંતુ આરોપી નં ૨ નું નામ લખેલ છે. ફરીયાદી હાલ ઓશીયાળુ જીવન જીવે છે. તેથી માંગણી મુજબના પ્રોસેસ ઇસ્યુ કરવા અરજ કરેલ છે.

પોલીસ દ્વારા તપાસ કરી રીપોર્ટ કરવામાં આવેલ છે જે આંક ૩થી રેકર્ડ ઉપર રજુ છે. જે વંચાણે લેતાં, આ કામના ફરીયાદી રજનીબેન તે હીતેષકુમાર દશરથભાઇ ઠાકોરની વિધવા રહે. નહેરૂ પાર્ક સોસાયટી, દહેગામ અમદાવાદ રોડ, તા. દહેગામ જી. ગાંધીનગર વાળાઓને તેમના સસરા દશરથજી છગનજી ઠાકોરવાળાઓએ ફરીયાદીના પતિ મરણ જતા અને તેઓ સરકારી કર્મચારી હોય જેથી પી. એફ. તથા ગ્રેજ્યુટીના પૈસાનો ચેક આવેલ હોય અને તે જમા કરાવવા માટે ફરીયાદીને તેના સસરાએ દહેગામથી ગાંધીનગર બોલાવી ફરીયાદીને વિશ્વાસમાં લઇ ગાંધીનગર સેકટર ૧૦–બી ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયામાં ખાતુ ખોલાવેલ અને તેમાં પી. એફ. , ગ્રેજ્યુટીની રકમ જમા કરાવેલ અને ત્યારબાદ ફરીયાદીને જાણવા મળેલ કે, તેમના સસરાએ ફરીયાદીનું ખાતુ ખોલાવેલ તે ફરીયાદી તથા તેમના સસરાના સંયુકત નામે ખોલાવેલતે હકીકત ફરીયાદી જાણતા ન હતા અને વારસદાર તરીકે ફરીયાદીની સાસુનું નામ હતુ. તેવી હકીકત

જાણતા ફરીયાદીએ બેંકમાં જઇ તપાસ કરેલ અને ખાતાનું સ્ટેટમેન્ટ કઢાવેલ ત્યારે જાણવા મળેલ કે ફરીયાદીને જાણ કર્યા વગર ફરીયાદીના સસરાએ પૈસા ઉપાડી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે ત્યારે ફરીયાદીનો પ્રથમ દર્શનીય કેસ હોય, આ કામના આરોપી નં.૧ વિરુધ્ધ સમન્સ ઇસ્યુ કરવો ન્યાયોચીત જણાઇ આવતુ હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

## આખરી હુકમ

ફરીયાદીની ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપી નં. ૧ વિરુધ્ધ સી આર પી સી કલમ ૨૦૪ અન્વયે આઇ. પી. સી કલમ ૪૦૬,૪૨૦ મુજબના સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૯ મી માહે ઓગસ્ટ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો .

તા.૦૯.૦૮.૨૦૧૯

(દર્શન જીવાભાઇ પ્રજાપતી)
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, દહેગામ
જજ કોડ નં. જી.જે. ૦૦૮૮૨